અગ્રતા ક્રમ: ૧૫

વિભાગ:- મહેસૂલ વિભાગ

તારાંકિત પ્રશ્ન :- ૧૫/૪/૨૪૬૪

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

વિધાનસભામાં જવાબ આપવાની તારીખ: ૨૭.૦૨.૨૦૨૪ (બીજી બેઠક)

પ્રશ્નનું શિર્ષક:- ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ખોટી રીતે ખેડૂત ખાતેદાર બનવા બાબત.

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર:-

શ્રી અમિત ચાવડા (આંકલાવ)

## અગ્રતા ક્રમ-૧૫

**ગુજરાત વિધાનસભા તારાંકીત પ્રશ્ન ક્રમાંક: 15/04/2464**

**ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ખોટી રીતે ખેડૂત ખાતેદાર બનવા બાબત**

**માન.ધારાસભ્યશ્રી અમિત ચાવડા (આંકલાવ)**

**અનુક્રમણિકા**

| ક્રમ | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભાએ વિભાગને પુછે પ્રશ્ન | |
| | વિભાગે આપેલ જવાબ | પેટાપ્રશ્ન પુછનાર |
| | પ્રશ્નનું હાર્દ | ધારાસભ્યશ્રીનું નામ |
| પેટા પ્રશ્ન ૧ | ગણોતધારા કલમ-૮૪ અંતર્ગત શું કાર્યવાહી કરવામાં આવે છે? | શ્રી કાળુભાઇ ડાભી ( ધંધુકા ) |
| પેટા પ્રશ્ન ૨ | ગણોતધારા કલમ-૬૩ એડી અંતર્ગત શું કાર્યવાહી કરવામાં આવે છે? | શ્રી કાળુભાઇ ડાભી ( ધંધુકા ) |
| પેટા પ્રશ્ન 3 | ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં એક વર્ષ કરતા ઓછા સમયથી પડતર કેસોની સંખ્યા કેટલી છે? | શ્રી જયંતિભાઇ પટેલ ( માણસા ) |
| પેટા પ્રશ્ન ૪ | ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં સંભંવિત બિનખેડૂત હોવાની તપાસના કેસો પૈકી કુલ કેટલા કેસોં નામ. હાઇકોર્ટ કે સુપ્રિમ કોર્ટ દ્વારા મનાઇ / સ્ટે આપવામાં આવેલ છે? | શ્રી જયંતિભાઇ પટેલ ( માણસા ) |
| પેટા પ્રશ્ન ૫ | ગુજરાત રાજયમાં ખોટી રીતે ખેડૂત ખાતેદાર બનતા અટકાવવા માટે સરકારશ્રી દ્વારા શા પગલાં લેવામાં આવે છે? | શ્રીમતી રીટાબેન પટેલ ( ગાંધીનગર ઉત્તર ) |
| | પુરક માહિતી: | |

## વિધાનસભાએ વિભાગને પુછે પ્રશ્નઃ

### ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ખોટી રીતે ખેડૂત ખાતેદાર બનવા બાબત

***15/4/2464 : શ્રી અમિત ચાવડા (આંકલાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે-:**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાવાર ખોટી રીતે ખાતેદાર ખેડૂત બન્યા બાબતના કેટલા કિસ્સાઓની તપાસ પડતર છે, | ૧ | (નીચે કોષ્ટક ૧) |
| (૨) | ઉક્ત પડતર કિસ્સાઓ પૈકી કેટલા કિસ્સઓ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે, અને | ૨ | (નીચે કોષ્ટક ૨) |
| (૩) | આવી તપાસો વહેલી તકે પૂર્ણ કરવા સરકારે શા પગલાં લીધા? | ૩ | પડતર કેસો પૈકી કુલ-૦૪ કેસોમાં નામ.હાઇકોર્ટમાં મનાઇ હુકમ થયેલ છે તથા અન્ય પડતર કેસોમાં પક્ષકારોને રૂબરૂ સાંભળી નિર્ણય કરવા સારૂ નોટીસથી બજવણી કરી સુનાવણીની પ્રક્રીયા હાલમાં ચાલુમાં છે. |

૧

| જિલ્લો | પડતર કેસોની સંખ્યા |
|---|---|
| ગાંધીનગર | ૯૪ |
| અમદાવાદ | ૨૦૧ |

૨

| જિલ્લો | એકથી બે વર્ષ સુધીના પડતર કેસો | બે વર્ષ કે તેથી વધુ સમયથી પડતર કેસો | એક વર્ષ કે તેથી ઓછા સમયથી પડતર કેસો | કુલ |
|---|---|---|---|---|
| ગાંધીનગર | ૧૯ | ૩૦ | ૪૫ | ૯૪ |
| અમદાવાદ | ૩૭ | ૪૧ | ૧૨૩ | ૨૦૧ |

મુખ્ય પેજ ઉપર જાઓ

વિભાગે આપેલ જવાબ:

**ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ખોટી રીતે ખેડૂત ખાતેદાર બનવા બાબત**

*15/4/2464 **શ્રી અમિત ચાવડા** (આંકલાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે :-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાવાર ખોટી રીતે ખેડૂત ખાતેદાર બન્યા બાબતના કેટલા કિસ્સાઓની તપાસ પડતર છે, | (૧) |

| જિલ્લો | પડતર કેસોની સંખ્યા |
| --- | --- |
| ગાંધીનગર | ૯૪ |
| અમદાવાદ | ૨૦૧ |

(૨) ઉક્ત પડતર કિસ્સાઓ પૈકી કેટલા કિસ્સઓ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે, અને

(૨)

| જિલ્લો | એકથી બે વર્ષ સુધીના પડતર કેસો | બે વર્ષ કે તેથી વધુ સમયથી પડતર કેસો |
| --- | --- | --- |
| ગાંધીનગર | ૧૯ | ૩૦ |
| અમદાવાદ | ૩૭ | ૪૧ |

(૩) આવી તપાસો વહેલી તકે પૂર્ણ કરવા સરકારે શા પગલાં લીધા?

(૩) પડતર કેસો પૈકી કુલ-૦૪ કેસોમાં નામ.હાઇકોર્ટમાં મનાઇ હુકમ થયેલ છે તથા અન્ય પડતર કેસોમાં પક્ષકારોને રૂબરૂ સાંભળી નિર્ણય કરવા સારૂ નોટીસથી બજવણી કરી સુનાવણીની પ્રક્રીયા હાલમાં ચાલુમાં છે.

---------

મુખ્ય પેજ ઉપર જાઓ

પ્રશ્નનું હાર્દ:-

- ગુજરાત રાજ્યમાં માત્ર ગુજરાત મુળના ખેડૂત ખેતીની જમીન ખરીદી શકે છે.
- રાજયમાં મુળ ગુજરાત ના જ મુળના ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા માટે આવા ખેડૂતો જ જમીન ખરીદી શકે તેવી વ્યવસ્થા રાખવામાં આવી છે.
- મુળના ખેડૂત હોવાના ખોટા પુરાવા રજૂ કરી કોઇ બિનખેડૂત વ્યક્તિ જો ખેતીની જમીન ખરીદે તો રાજયના ગણોત કાયદાની કલમ ૮૪ (સી) હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે. તેમજ આ કાર્યવાહીના અંતે આવી વ્યક્તિ બિનખેડૂત સાબિત થાય તો તેવી જમીન સરકાર હસ્તક પરત લેવામાં આવે છે.

મુખ્ય પેજ ઉપર જાઓ

**અગ્રતા ક્રમ-૧૫**

**ગુજરાત વિધાનસભા તારાંકીત પ્રશ્ન ક્રમાંક: 15/04/2464**

| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ શ્રી કાળુભાઇ ડાભી ( ધંધુકા ) | |
|---|---|
| પ્રશ્ન – ૧ | ગણોતધારા કલમ-૮૪ અંતર્ગત શું કાર્યવાહી કરવામાં આવે છે? |
| જવાબ | જ્યારે કોઈ જમીનની તબદીલી અથવા સંપાદન ગણોતધારાની જોગવાઈઓ મુજબ ગેરકાયદેસર હોય ત્યારે મામલતદાર નોટીસ કાઢી કલમ ૮૪ (બી) માં ઠરાવેલ રીતે તપાસ કરી તેનો નિર્ણય કરે છે. જો થયેલ તબદીલી અથવા સંપાદન ગણોતધારાની જોગવાઈઓ મુજબ ગેરકાયદેસર હોય અને પક્ષકારો એવી લેખિત બાહેંધરી આપે કે મામલતદાર ઠરાવે તેવી તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર તેઓ જે સ્થિતિમાં જમીન આવી તબદીલી અથવા સંપાદનની તરત જ પહેલાં હતી તે સ્થિતિમાં તે પાછી આપશે તો મામલતદાર નોટીસ પાછી ખેચશે પરંતુ જો જમીન તે મુદતની અંદર તેવી રીતે પાછી આપવામાં ન આવે ત્યારે મામલતદાર કલમ ૮૪ (સી) (૩) મુજબ જમીનની આવી તબદીલી અથવા સંપાદન ગેરકાયદેસર જાહેર કરતો હુકમ કરી જમીન સરકાર હસ્તક દાખલ કરશે. |

મુખ્ય પેજ ઉપર જાઓ

## અગ્રતા ક્રમ-૧૫

## ગુજરાત વિધાનસભા તારાંકીત પ્રશ્ન ક્રમાંક: **15/04/2464**

| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ શ્રી કાળુભાઇ ડાભી ( ધંધુકા ) | |
|---|---|
| પ્રશ્ન – ૨ | ગણોતધારા કલમ-૬૩ એડી અંતર્ગત શું કાર્યવાહી કરવામાં આવે છે? |
| જવાબ | કલમ ૮૪ (સી) ની કાર્યવાહી દરમ્યાન માલુમ થાય કે ખેડૂત ન હોય તેવી વ્યક્તિ અથવા કોઇ સંસ્થાને જમીન વેચાણ કરેલ છે તો કાયદેસરનો કેસ ચલાવી સુનાવણીની તક આપ્યા પછી વેચાણ કાયદેસર છે કે કેમ? તેની ચકાસણી કરી જો વેચાણ કાયદેસર નથી તેવા નિર્ણય પર આવે ત્યારે,<br><br>(૧) જંત્રીની કિંમતની રકમનો ત્રણ ગણો દંડ કરવો,<br>અથવા<br>(૨) આવી તબદીલી પહેલા જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં ફરીથી જમીન લાવવામાં આવે છે.<br>આમ, બિનખેડૂતો ખોટી રીતે ખેડૂત બનતા અટકાવવા માટે રાજ્ય સરકાર દ્વારા જોગવાઇ અમલમાં મુકી ખેડૂતોના હિતોનું રક્ષણ કરવામાં આવે છે. |

મુખ્ય પેજ ઉપર જાઓ

## અગ્રતા ક્રમ-૧૫

## ગુજરાત વિધાનસભા તારાંકીત પ્રશ્ન ક્રમાંક: 15/04/2464

| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ શ્રી જયંતિભાઇ પટેલ ( માણસા ) | |
|---|---|
| પ્રશ્ન – 3 | ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં એક વર્ષ કરતા ઓછા સમયથી પડતર કેસોની સંખ્યા કેટલી છે? |
| જવાબ | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં એક વર્ષ કરતા ઓછા સમયથી પડતર કેસોની સંખ્યા ૪૫ છે.<br>(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં એક વર્ષ કરતા ઓછા સમયથી પડતર કેસોની સંખ્યા ૧૨૩ છે. |

મુખ્ય પેજ ઉપર જાઓ

## અગ્રતા ક્રમ-૧૫

## ગુજરાત વિધાનસભા તારાંકીત પ્રશ્ન ક્રમાંક: **15/04/2464**

| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ શ્રી જયંતિભાઇ પટેલ ( માણસા ) | |
|---|---|
| પ્રશ્ન – ૦૪ | ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં સંભવિત બિનખેડૂત હોવાની તપાસના કેસો પૈકી કુલ કેટલા કેસોમાં નામ.હાઇકોર્ટ કે સુપ્રિમકોર્ટ દ્વારા મનાઇ/સ્ટે આપવામાં આવેલ છે? |
| જવાબ | (૧) ગાંધીનગર જિલ્લામાં સંબવિત બિનખેડૂતની તપાસના પડતર કેસો પૈકી કુલ-૦૨ કેસોમાં સક્ષમ કોર્ટ દ્વારા મનાઇ હુકમ આપવામાં આવેલ છે.<br><br>(૨) અમદાવાદ જિલ્લામાં સંબવિત બિનખેડૂતની તપાસના પડતર કેસો પૈકી કુલ-૦૨ કેસોમાં સક્ષમ કોર્ટ દ્વારા મનાઇ હુકમ આપવામાં આવેલ છે. |

મુખ્ય પેજ ઉપર જાઓ

<u>અગ્રતા ક્રમ-૧૫</u>

ગુજરાત વિધાનસભા તારાંકીત પ્રશ્ન ક્રમાંક: **15/04/2464**

| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યઃ શ્રીમતી રીટાબેન પટેલ ( ગાંધીનગર ઉત્તર ) | |
|---|---|
| પ્રશ્ન – ૦૫ | ગુજરાત રાજ્યમાં ખોટી રીતે ખેડૂત ખાતેદાર બનતા અટકાવવા માટે સરકારશ્રી દ્વારા શા પગલા લેવામાં આવે છે? |
| જવાબ | ગુજરાત રાજ્યમાં માત્ર ગુજરાતના મૂળ વતની સમગ્ર રાજ્યમાં ખેતીની જમીન ખરીદ તથા વેચાણ કરી શકે છે. બિનખેડૂત વ્યક્તિ દ્વારા ખોટા ખેડૂત ખાતેદારના પુરાવા રજુ કરી ખેતીની જમીન ખરીદ કરતા અટકાવવા માટે સરકાર દ્વારા મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ-૧૯૪૮ની કલમ-૬૩(એડી) હેઠળ કેસ ચલાવી પ્રવરતમાન જંત્રીદરના 300% પેનલ્ટી આપી જમીન મૂળ ખેડૂતને પરત કરવાની જોગવાઇ કરેલ છે અને બિનખેડૂત હોવાનુ ધ્યાને આવતા જમીન મહેસૂલ કાયદા અધિનિયમની કલમ-૮૪(સી) ની નોટીસ આપી પુરાવા રજુ કરવા જણાવવામાં આવે છે, જે રજુ ન કરી શકતા શ્રીસરકાર દાખલ કરવાની જોગવાઇ કરવામાં આવી છે. |

મુખ્ય પેજ ઉપર જાઓ

## પુરક માહિતીઃ

### તારાંકિત પ્રશ્ન ક્રમાંક :- ૧૫/૪/૨૪૬૪

### અમદાવાદ જિલ્લો

- ખોટીરીતે ખેડુત-ખાતેદાર બનેલ હોઈ તેવા પડતર કેસો કુલ ૨૦૧ છે, જેમાં ૬૩ ભંગ અંગેના ૮૪-સી હેઠળના પડતર કેસો ૧૪૨, જ્યારે ૬૩-એબી હેઠળના ૫૨ અને ૬૩-એડી હેઠળના ૭ કેસો છે.
- ઉપરોક્ત ૨૦૧ કેસોમાં ૧ વર્ષથી અંદરના સમયના ૧૨૩ કેસો, ૧ થી ૨ વર્ષ વચ્ચેના ૩૭ કેસો, અને ૨ વર્ષથી વધુ સમયના ૪૧ કેસો પડતર છે.
- ઉપરોક્ત કેસો મુખત્વે અરજદારશ્રીના અરજીના આધારે જિલ્લા કલેક્ટરશ્રી, નાયબ કલેક્ટર (જ.સુ.) કે, પ્રાંત અધિકારીશ્રીના તકરારી કેસોના હુકમના આધારે, કેસ રિમાન્ડ થયાના આધારે, સર્કલ અધિકારીશ્રીના અહેવાલનાં આધારે, સુઓમોટો મુખ્ય મંત્રી રેફ (WTC)ના આધારે, હક્ક પત્રક તપાસણી ટીમના આધારે, પીજી પોર્ટલ પર અરજીના આધારે, જેવા કારણોસર ઉપસ્થિત થયેલ છે.
- ૨ વર્ષથી અને ૧ વર્ષથી વધુ સમય માટે પડતર થયેલ કેસો મુખ્યત્વે બન્ને પક્ષકારો ગેરહાજ રહેલ હોવા થી વધુ રજુઆત કે પુરાવા રજુ કરવા માંગેલ સમયના કારણે તેમજ નામદાર હાઈકોર્ટની મનાઈ અરજી પરત્વે હજીસુધી પડતર રહેવા પામેલ છે.
- વધુમાં છેલ્લા ૨ વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ગ.ધા.ક.૬૩ના ભંગ બદલ ૮૪-સી હેઠળના કુલ ૨૩૦ કેસો દાખલ થયેલ જ્યારે ૬૩-એબી હેઠળના ૨૩૫ અને ૬૩-એડી હેઠળના કુલ ૨૭ કેસો દાખલ થયેલછે.
- જ્યારે છેલ્લા ૨ વર્ષમાં અમદાવાદ જિલ્લમાં ગ.ધા.ક.૬૩ના ભંગ બદલ ૮૪-સી હેઠળના કુલ ૧૫૨ કેસો, ૬૩-એબી હેઠળના કુલ-૧૪૮ કેસો અને ૬૩-એડી હેઠળના કુલ-૧૧ કેસો નિકાલ થયેલ છે.
- છેલ્લા પાંચ વર્ષની વિગતે અમદાવાદ જિલ્લામાં ૬૩-એબી હેઠળના ૧૭૮ કેસોનો નિકાલ થયેલ છે. જેમા કુલ અંદાજીત ૨૪,૪૪,૧૦,૬૫૫/- રૂ જેટલો દંડ વસુલેલ છે. અને ૬૩-એડી હેઠળ કુલ ૧૨ કેસોનો નિકાલ થયેલ છે. જેમા કુલ અંદાજીત ૧૯,૨૦,૦૩,૧૮૦/-રૂ. જેટલો દંડ વસુલેલ છે. જ્યારે ગ.ધા.ક.૮૪સી અંતર્ગત ૭૦ જેટલા કેસોમાં જમીન સરકાર દાખલ કરવામાં આવેલ છે.

| પડતર કેસોની વિગતો | | | |
|---|---|---|---|
| કેસની વિગત | | કેસ ઉપસ્થિત થયાના કારણો | |
| વિગત | કુલ કેસો | અરજદારની અરજી | સુઓમોટો |
| ૬૩ ભંગ હેઠળના ગ.ધા.ક. ૮૪-સી ના કેસો | ૧૪૨ | ૬૪ | ૭૮ |
| ગ.ધા.ક. ૬૩-એબી હેઠળ | ૫૨ | ૪૮ | ૦૪ |
| ગ.ધા.ક. ૬૩-એડી હેઠળ | ૦૭ | ૦૧ | ૦૬ |
| કુલ :- | ૨૦૧ | ૧૧૩ | ૮૮ |

* અરજદારની અરજી (WTC, મુ.મ.ક., PG PORTAL વિગેરે)

** સુઓમોટો (રીવ્યુ, રીમાન્ડ, SSRD, GRT, COLLECTOR, DCLR, SDM, RTS CASE, CIRCLE OFFICER REPORT, RIC/VC તથા હક્કપત્રક તપાસણીના આધારે)

| પડતર કેસોની વિગત | |
|---|---|
| ૧ વર્ષથી ઓછા સમયથી | ૧૨૩ |
| ૧ થી ૨ વર્ષ | ૩૭ |
| ૨ વર્ષથી વધુ | ૪૧ |
| કુલ :- | ૨૦૧ |

| ૨ વર્ષના કેસોની વિગત | | |
|---|---|---|
| વિગત | દાખલ થયેલ કેસો | નિકાલ થયેલ કેસો |
| ૬૩ ભંગ હેઠળના ૮૪-સી | ૨૩૦ | ૨૫૨ |
| ૬૩-એબી | ૨૩૫ | ૧૪૮ |
| ૬૩-એડી | ૨૭ | ૧૧ |
| કુલ :- | ૪૯૨ | ૪૧૧ |

| ૫ વર્ષના કેસોની વિગત | | |
|---|---|---|
| વિગત | કેસો | વસુલેલ દંડ (રૂપિયા) |
| ૬૩-એબી હેઠળ નિકાલ | ૧૭૮ | રૂા. ૨૪,૪૪,૧૦,૬૫૫/- |
| ૬૩-એડી હેઠળ નિકાલ | ૧૨ | રૂા. ૧૯,૨૦,૦૩,૧૮૦/- |
| ૮૪-સી હેઠળ સરકાર દાખલ | ૭૦ | --- |

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન:૨૪૬૪

## માન.ધારાસભ્યશ્રી અમિત ચાવડા (આંકલાવ)

ગાંધીનગર જિલ્લામાં ઉક્ત સ્થિતીએ કેસો ખોટી રીતે ખેડુત ખાતેદાર બન્યા બાબતના કુલ ૯૪ ની તપાસ પડતર છે. (જે પૈકી ૨ કિસ્સાઓમાં નામદાર હાઈકોર્ટના સ્ટે છે.)

- જે પૈકી **૪૫ કેસો** ૧ વર્ષથી ઓછા સમયના છે.
- **30 કેસો** ૧ વર્ષથી ૨ વર્ષના સમયના છે.
- **૧૯ કેસો** ૨ વર્ષથી વધુ સમયના પડતર છે.
- તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ગાંધીનગર જીલ્લામાં ખોટી રીતે ખાતેદાર ખેડૂત બન્યા બાબતના ગ.ધા.ક.૮૪(સી) હેઠળના ૪૫ કેસો ગ.ધા.ક.૬૩(એ)(બી) હેઠળના ૪૮ કેસો તથા ગ.ધા.ક.૬૩ (એ)(ડી) હેઠળ ૦૧ મળી કુલ-૯૪ કેસોની પડતર છે.સદર તપાસો વહેલી તકે પુર્ણ કરવા તમામ પક્ષકારોને રૂબરૂ સાંભળી નિર્ણય કરવા સારૂ તેઓને નોટીસની બજવણી કરી સુનાવણીની પ્રક્રિયા હાલમાં ચાલુ છે.
- ઉપરોકત કેસો મુખત્વે અરજદારશ્રીના અરજી આધારે તેમજ નાયબ કલેકટરશ્રી (જ.સુ), પ્રાંત અધિકારીશ્રી, કલેકટરશ્રી, નામ.ગુજરાત મહેસુલ પંચ, ખાસ સચિવશ્રી (વિવાદ) મહેસુલ વિભાગના રીમાન્ડ કેસ/સુચના અન્વયે ઉપસ્થિત થયેલ છે.
- તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જીલ્લામાં ખોટી રીતે ખેડુત ખાતેદાર બન્યા બાબતના કુલ-૧૪૦ કેસો દાખલ થયેલ છે જે પૈકી ગ.ધા.ક.૬૩ ના ભંગ બદલ ગ.ધા.ક.૮૪-સી હેઠળના કુલ-૬૨ કેસો દાખલ થયેલ છે જે પૈકી કુલ-૨૬ કેસોનો નિકાલ થયેલ છે. ગ.ધા.ક.૬૩-એબી હેઠળના કુલ-૭૬ કેસો દાખલ થયેલ છે જે પૈકી કુલ-૪૫ કેસોનો નિકાલ થયેલ છે. અને ગ.ધા.ક.૬૩-એડી હેઠળના દાખલ થયેલ કુલ-૨ કેસ પૈકી ૧ કેસનો નિકાલ થયેલ છે. આમ કુલ-૭૨ કેસોનો નિકાલ થયેલ છે.
- બે વર્ષથી અને એક વર્ષથી વધુ સમયથી પડતર કેસો મુખ્યત્વે વિવાદી/પ્રતિવાદી તરફથી મુદત માંગણી, દંડની રકમ ભરપાઈ ન કરવાથી, પુરાવા રજુ કરવા મુદત માંગણી કરવાથી તેમજ બે કેસોમાં નામ.હાઇકોર્ટના મનાઇ હુકમ હોવાના કારણે પડતર રહેવામાં પામેલ છે.
- ગાંધીનગર તાલુકામાં કુલ ૨ કેસોમાં સરકાર દાખલ કરવામાં આવેલ છે.
- જિલ્લામાં કુલ ૫૪ કેસોમાં ગ.ધા.ક. ૬૩ (ક)(ખ) અને ગ.ધા.ક.૬૩(ક)(ઘ) હેઠળ કુલ રૂ.૯,૧૩,૧૮,૨૮૨/- (અંકે નવ કરોડ તેર લાખ અઢાર હજાર બસો બ્યાસી) પ્રિમિયમ /દંડ વસુલવામાં આવેલ છે.

| પડતર કેસોની વિગતો | | | |
|---|---|---|---|
| કેસની વિગત | | કેસ ઉપસ્થિત થયાના કારણો | |
| વિગત | કુલ કેસો | અરજદારની અરજી | સુઓમોટો |
| ૬૩-ભંગ અંગેના ૮૪-સી હેઠળ | ૪૫ | ૧૧ | ૩૪ |
| ૬૩-એબી હેઠળ | ૪૮ | ૪૨ | ૬ |
| ૬૩-એડી હેઠળ | ૧ | ૧ | ૦ |
| કુલ | ૯૪ | ૫૪ | ૪૦ |

➢ સુઓમોટો અરજીઓમાં પ્રાંત કચેરી, કલેકટર કચેરી, નામદાર ગુજરાત મહેસુલ પંચ, ખાસ સચિવશ્રી (વિવાદ) ની કચેરીઓમાંથી આપેલ સુચના કે રીમાન્ડ કરેલ કેસોના સંદર્ભમાં ઉપસ્થિત થયેલ અરજીઓનો સમાવેશ થાય છે.

| પડતર કેસોની વિગત | |
|---|---|
| ૧ વર્ષથી ઓછા સમયથી | ૪૫ |
| ૧ થી ૨વર્ષ | ૧૯ |
| ૨ વર્ષથી વધુ | ૩૦ |
| કુલ | ૯૪ |

| ૨ વર્ષના કેસોની વિગત | | |
|---|---|---|
| ૬૩ ભંગ હેઠળના ૮૪-સી | ૬૨ | ૨૬ |
| ૬૩-એબી | ૭૬ | ૪૫ |
| ૬૩-એડી | ૨ | ૧ |
| કુલ | ૧૪૦ | ૭૨ |

| ૨ વર્ષમાં ગ.ધા.ક.૬૩-એબી અને ગ.ધા.ક.૬૩-એડી હેઠળ વસુલેલ પ્રિમિયમ/દંડની રકમ | | |
|---|---|---|
| ૬૩-એબી | ૫૨ | રૂ.૮,૧૦,૮૫,૮૮૩ |
| ૬૩-એડી | ૨ | રૂ.૧,૦૨,૩૨,૩૯૯ |
| કુલ | ૫૪ | રૂ.૯,૧૩,૧૮,૨૮૨ |

# અમદાવાદ

## બ્રીફ નોટ :-

**(સુનાવણીની કાર્યવાહીમાં નામ.ગુ. હાઈકોર્ટના મનાઈ હુકમના કારણે વિલંબ થયેલ કેસની ટુંકી માહિતી)**

(૧) ગણોત કેસ નં.એ.એલ.ટી./ગ.ધા.ક.૬૩(એ)(બી)/૨૫૦/૨૦૧૬

ગણોતધારાની કલમ :- ૬૩(એ)(બી)

મોજે.શીલજ, તા.ઘાટલોડીયા, જી.અમદાવાદના સર્વે/બ્લોક નં.૧૩૨૫,

ગુજરાત હાઈકોર્ટ સ્પે.સી.એ.નં.૧૫૨૪૪/૨૦૨૨ વીથ સી.એ.નં.૦૧/૨૦૨૩ ઈન એલ.પી.એ.નં.૬૩૭/૨૦૨૩, તા.૦૧/૦૫/૨૦૨૩ ના ઓરલ ઓર્ડરથી મનાઈ હુકમ આપેલ છે.

(૨) ગણોત કેસ નં.એ.એલ.ટી./ગ.ધા.ક.૮૪(સી)/૦૪/૨૦૨૨

ગણોતધારાની કલમ :- ૮૪(સી)

મોજે.બોડકદેવ, તા.ઘાટલોડીયા, જી.અમદાવાદના સર્વે/બ્લોક નં.૧૫૭, ૧૫૮

ગુજરાત હાઈકોર્ટ સ્પે.સી.એ.નં.૧૫૨૪૪/૨૦૨૨ વીથ સી.એ.નં.૦૧/૨૦૨૩ ઈન એલ.પી.એ.નં.૬૩૭/૨૦૨૩, તા.૦૧/૦૫/૨૦૨૩ ના ઓરલ ઓર્ડરથી મનાઈ હુકમ આપેલ છે.

ગાંધીનગર

બ્રીફ નોટ :-

(સુનાવણીની કાર્યવાહીમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના મનાઈ હુકમના કારણે વિલંબ થયેલ કેસની ટુંકી માહિતી)

(૧) ગણોત કેસ નં. ૮૪/સી/૨૩/૨૦૨૨

ગણોતધારાની કલમ :- ૮૪/સી

મોજે. બોરીસણા તા.કલોલ જી.ગાંધીનગર જુના સર્વે બ્લોક નં. ૩૩૨/અ રી.સ.નં. ૧૭૫

નામદાર ગુજરાત હાઈકોર્ટના આર.એસ.સી.એ નં. ૫૭૮૮/૨૦૨૩ ના કામે તા.૧૦/૦૪/૨૦૨૩ ના ઓર્ડરથી મનાઈ હુકમ આપેલ છે.

(૨) ગણોત કેસ નં. ૮૪/સી/૨૪/૨૦૨૨

ગણોતધારાની કલમ :- ૮૪/સી

મોજે. બોરીસણા તા.કલોલ જી.ગાંધીનગર જુના સર્વે બ્લોક નં. ૭૮૪ રી.સ.નં. ૫૩૨

નામદાર ગુજરાત હાઈકોર્ટના આર.એસ.સી.એ નં. ૫૭૮૮/૨૦૨૩ ના કામે તા.૧૦/૦૪/૨૦૨૩ ના ઓર્ડરથી મનાઈ હુકમ આપેલ છે.

મુખ્ય પેજ ઉપર જાઓ